# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-09-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1.. પડતર માંગણીઓના ઉકેલ માટેના સરકારના સકારાત્મક વલણ બાદ રાજ્ય સરકારના કર્મચારીઓનું પેન ડાઉન આંદોલન મોકૂફ

2.. ગાંધીનગરના દહેગામમાં નદીમાં ડૂબી જનારા આઠ મૃતકોના પરિવારજનોને પ્રધાનમંત્રી દ્વારા બે-બે લાખ રૂપિયાની સહાયની જાહેરાત

3.. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે...મેટ્રોના બીજા તબક્કાનું લોકાર્પણ અને 8 હજાર કરોડના વિકાસ કાર્યોની આપશે રાજ્યને ભેટ

4.. રાજ્યભરમાં આજે યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં પડતર કેસોનો નિકાલ આવ્યો .. કરોડો રૂપિયાના વળતરની ચૂકવણી

5.. દિવાળીના તહેવારમાં રાજ્યભરના મુસાફરો માટે એસ ટી વિભાગ દ્વારા બે હજાર બસો જેટલી વધારાની બસો દોડાવાશે..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KARMACHARI STRIKE CANCELDED

રાજ્ય સરકારના કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓને લઇને 17મી સપ્ટેમ્બરે પેન ડાઉન હડતાળ મોકૂફ રાખવાની જાહેરાત કરી છે. કર્મચારીઓની રજૂઆતોને બંને સંગઠનના અગ્રણી સાથે પાંચ મંત્રીઓની યોજાયેલી બેઠક બાદ સરકારે હકારાત્મક વલણ દાખવતાં કર્મચારીઓએ હડતાળ મુલતવી રાખવાની જાહેરાત કરી છે..

ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે આજે સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું કે કર્મચારીઓના તમામ પ્રશ્નો પ્રત્યે રાજ્ય સરકાર ગંભીર છે, અને આગામી સમયમાં ફરી પાછી એક બેઠક કરવામાં આવશે.

(બાઇટ - જગદીશ વિશ્વકર્મા, રાજ્યમંત્રી)

-------------------

# PM SHOK – SAHAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગરના દહેગામમાં ગણેશ વિસર્જન દરમિયાન નદીમાં ડૂબી જનાર આઠ લોકો પ્રત્યે શોક વ્યક્ત કર્યો છે. આ ઘટનાના દરેક મૃતકોના વારસદારો માટે પ્રધાનમંત્રીએ રાહત કોષમાંથી બે લાખ રૂપિયાની જ્યારે ઘાયલોને 50,000 રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે..

દરમિયાન વાસણા સોગઠી ગામે આ તમામ મૃતકોની આજે સવારે અંતિમ ક્રિયા કરવામાં આવી હતી..એક સાથે આઠ યુવકોની સ્મશાન યાત્રા નીકળતા ગામમાં ગમગીની છવાઈ હતી..સ્મશાન યાત્રામાં દહેગામના ધારાસભ્ય બલરાજ સિંહ ચૌહાણ સાંસદ હસમુખ પટેલ સહિતના રાજકીય આગેવાનો અને અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા

અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખ પટેલે મૃત્યુ પામનાર યુવાનોના પરિવારજનોને મુખ્યમંત્રી રાહત ફંડ માંથી સહાય મળી રહે તે માટે રજૂઆત કરનાર હોવાનું પણ જણાવ્યું હતું.

(બાઈટ: હસમુખ પટેલ ,સાંસદ)

----------

## PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 15 સપ્ટેમ્બરનાં રોજ બપોર બાદ અમદાવાદ પહોંચશે. તેઓ અમદાવાદ એરપોર્ટ પરથી ગાંધીનગર ખાતે રાજભવન જશે.. પ્રધાનમંત્રી 16 તારીખે સવારે પોણા દસ વાગ્યે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યા ઘર મુફ્ત વીજળી યોજનાનાં લાભાર્થીઓ સાથે વાતચીત કરશે. ત્યારબાદ સવારે સાડા દસ વાગ્યે તેઓ, ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો ,રિ-ઇન્વેસ્ટનું ઉદઘાટન કરશે. પ્રધાનમંત્રી બપોરે 1 વાગીને 45 મિનિટે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનું ઉદઘાટન

કરશે અને સેક્શન 1 મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધી મેટ્રોની સવારી કરશે. બપોરે લગભગ સાડા ત્રણ વાગ્યે અમદાવાદમાં તેઓ 8,000 કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે રાત્રી રોકાણ કરીને 17 તારીખે સવારે ઓડિશા જવા રવાના થશે.

-----

## *MANDAVIYA - LABOUR REFORMS*

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવિયા આવતીકાલે રાજકોટ ખાતે પશ્ચિમી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ત્રીજી પ્રાદેશિક બેઠકની અધ્યક્ષતા કરશે.

બેઠક દરમિયાન, તેઓ શ્રમ સુધારણા, અસંગઠિત કામદારોના ઈ-શ્રમ-નેશનલ ડેટાબેઝ અને રોજગારની તકો વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે અને કેન્દ્ર અને રાજ્યો દ્વારા લેવામાં આવતી ચાવીરૂપ પહેલો પર સહયોગને મજબૂત કરવા પર ચર્ચા કરશે.

બેઠક દરમિયાન, અસંગઠિત કામદારો માટે સામાજિક સુરક્ષા લાભો સરળતાથી મેળવવા માટે ઈ-શ્રમ પોર્ટલની રચના, મકાન અને બાંધકામ કામદારો માટે વિવિધ કેન્દ્રીય કલ્યાણ યોજનાઓના કવરેજના વિસ્તરણ સહિત મુખ્ય શ્રમ અને રોજગાર મુદ્દાઓ પર વિચાર વિમર્શ કરવામાં આવશે.

.................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## METRO NEW PHASE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 16 મી સપ્ટેમ્બરે અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલના બીજી તબક્કાનો આરંભ કરાવશે.. આ નવા રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના જીએનએલયુ, પીડીઇયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઇન્ફોસિટી તેમજ સેક્ટર 1ના વિસ્તારને આવરી લેવાશે. આ ફેઝમાં મેટ્રોની કનેક્ટિવિટી મોટેરાથી ગાંધીનગર સુધી મળશે, જેમાં ફેઝનો એક કોરિડોર ગિફ્ટ સિટી સુધી જશે. આ ફેઝ 21 કિલોમીટરનો છે જેમાં શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે.

એપીએમસી, વાસણાથી ગાંધીનગર સેક્ટર-1 સુધીની 33.5 કિ.મીની મેટ્રો યાત્રા 65 મિનિટમાં પૂર્ણ થાય છે જેનો ખર્ચ માત્ર 35 રૂપિયા રહેશે. આ સેવા શરૂ થવાથી ટ્રાફિક હળવો થશે, જે પ્રદૂષણને દૂર કરવામાં મહત્વપૂર્ણ બની રહેશે.

આ રૂટ શરૂ થયા બાદ આવનારા સમયમાં મેટ્રો સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર 16, સેક્ટર 24 અને મહાત્મા મંદિર સુધી જશે.

. . . . . . . . . . . . . . . . .

## LOK ADALAT - DISTRICT

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા આજે દેશ સહિત  રાજ્યભરમાં લોકઅદાલતનું આયોજન કરાયું હતું.. વધુમાં વધુ કેસોનો નિકાલ કરવાના ઉદ્દેશ્ય સાથે લોક અદાલતમાં બંને પક્ષકારો સાથે સંમતિથી સમાધાન કરવામાં આવ્યું હતું. પડતર ફેમિલી કેસનો પણ નિકાલ કરાયો હતો.

વડોદરામાં યોજાયેલ રાષ્ટ્રીય લોક અદાલતમાં 70 હજારથી વધુ કેસનું સમાધાન કરવામાં આવ્યું, જ્યારે કેટલાક 15 વર્ષ જૂના જમીનના કેસનું પણ સમાધાન કરાયું.

સાબરકાંઠા જીલ્લાની તમામ અદાલતોમાં આજે  યોજાયેલી વર્ષ-૨૦૨૪ ની ત્રીજી રાષ્ટ્રીય લોક અદાલતમાં કુલ ૧૦ હજાર ૬૪૩ કેસનો નિકાલ કરાયો.

-----

## HARSH SANGHVI

દિવાળીના તહેવારમાં રાજ્યભરના મુસાફરો માટે એસ ટી વિભાગ દ્વારા બે હજાર બસો જેટલી વધારાની બસો દોડાવાશે.

રાજ્ય ગૃહમંત્રી અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં પત્રકાર પરિષદને સંબોધતા 26 થી 30 ઓક્ટોબર દરમિયાન વધારાની બસોનું સંચાલન કરવાની જાહેરાત કરી હતી.. સુરતમાં વસવાટ કરતા સૌરાષ્ટ્ર, ઉતર ગુજરાતના રત્નકલાકારો તેમજ દાહોદ પંચમહાલના શ્રમજીવીઓ માટે 950 જેટલી વધારાની બસો દોડાવાશે...આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવનારને "એસ ટી આપના દ્વારે" અનુસાર તેઓને તેમની સોસાયટી થી તેમના વતન સુધી પહોચાડવામાં આવશે.

(બાઈટ : હર્ષ સંઘવી ( રાજ્ય ગૃહમંત્રી )

-----

## MAHISAGAR DRUGS

મહિસાગરમાંથી ચાર આરોપીઓની ડ્રગ્સ સાથે ધરપકડ કરવામાં આવી છે.. સંતરામપુર તાલુકાના વાંકા નાળા ગામ પાસે ચાર ઈસમો કારમાં અંદાજિત 44 ગ્રામ ડ્રગ્સ લઇ જતા ઝડપાયા હતા.. પોલીસની સતર્કતાના કારણે આ ચારેય આરોપીઓ ડ્રગ્સ સાથે ઝડપાઇ ગયા હતા..મધ્યપ્રદેશના રતલામથી આ ચારેય આરોપીઓ ડ્રગ્સ લઇને આવતા હોવાની માહિતી મહિસાગરના નાયબ જીલ્લા પોલીસ વડા વિવેક ભેડાએ આપી હતી.

(બાઈટ : 1 વિવેક ભેડા.. ડી વાય એસ પી .મહિસાગર)

-----

## PIB PRADARSHAN – AMBAJI MELO

વિશ્વ પ્રસિધ્ધ અંબાજી મેળામાં ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયમાં કેન્દ્રીય સંચાર બ્યુરો, પાલનપુર દ્વારા મલ્ટીમીડિયા પ્રદર્શનનું આયોજન કરાયું છે.

18 તારીખ સુધી અંબાજી ખાતે ચાલનાર આ મલ્ટીમીડિયા પ્રદર્શનમાં સ્વચ્છ ભારત અભિયાન, પોષણ અભિયાન, યોગ ઉત્સવ, ડિજિટલ ઇન્ડિયા, ફીટ ઇન્ડિયા તેમજ ભારત સાકારની ફ્લેગશિપ યોજનાઓ અંતર્ગત સ્પર્ધાઓ, મનોરંજક કાર્યક્રમો , મલ્ટિમિડીયા પ્રવૃતિઓનું આયોજન જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી કરવામાં આવશે. શૈક્ષણિક સંસ્થાઓમાં ચિત્ર સ્પર્ધા, યોગાસન સ્પર્ધા સાથે અન્ય પ્રવૃતિઓનું આયોજન હાથ ધરાયું છે. મેળા દરમિયાન આગામી દિવસોમાં પણ સ્વચ્છ ભારત અંતર્ગત વિવિધ પ્રવુતિઓ આયોજન કરવામાં આવશે.. વિકસિત ભારત @2047 વિષય અંતર્ગત જન કલ્યાણકારી યોજનાઓ અને અભિયાનો અંગેની પણ  આ પ્રદર્શનમાં અપાશે..

## AMBAJI MELO

બનાસકાંઠા જિલ્લાના અંબાજી ધામ ખાતે ભાદરવી પૂનમના મેળામાં આવતાં ભક્તોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જિલ્લા પોલીસ વિભાગ દ્વારા અંબાજી મેળા ખાતે પોલીસ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. પોલીસ વિભાગ કંટ્રોલ

રૂમના માધ્યમથી 350 CCTV કેમેરા દ્વારા મેળામાં ચાંપતી નજર રાખશે. આ કન્ટ્રોલ રૂમ દ્વારા પોલીસ વિભાગ કોઈ ઘટના બને તો તેને ઝડપથી નિકાલ કરી શકશે. લાખોની સંખ્યામાં પદયાત્રા કરીને આવતાં ભક્તોની દેખરેખ અને સુવિધા માટે ગુજરત પોલીસ સતત કાર્યરત છે.

-----

# NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ ખાતે કેબિનેટ મંત્રી મનસુખ માંડવિયાના હસ્તે 209 મા સરસ્વતીધામનું લોકાર્પણ કરાયું.
- પોરબંદરમાં કેબિનેટ મંત્રી સી.આર.પાટીલ અને કેન્દ્રીય મંત્રી તથા પોરબંદરના સાંસદ મનસુખ માંડવીયા સહિતના આગેવાનોના હસ્તે જિલ્લા ભાજપ કાર્યાલય અટલભવન ઉદ્ઘાટન કરાયું.
- તાપી જિલ્લામાં વ્યારા માહિતી કચેરી ખાતે નાગરિકો માટે વાંચનાલય શરૂ કરવામાં આવ્યું.
- તાપી જિલ્લાની ખડકાચીખલી પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું. આ પ્રદર્શનમાં ધમોડી ક્લસ્ટરની કુલ 11 શાળાઓના 22 બાળકો સહિત માર્ગદર્શક શિક્ષકોએ ભાગ લીધો.
- સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને ૧૦૦ % શિષ્યવૃત્તિ મળે તે માટે જિલ્લા કલેકટર દ્વારા ઈ કેવાયસી ઝુંબેશ હાથ ધરાઇ.

-------------